કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં
ફાયર એન.ઓ.સી. મેળવવા બાબત

ગુજરાત સરકાર
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એફએસી/૧૪૨૦૨૦/૪૫૬૮૯૪/મ.૩
સચિવાલય,ગાંધીનગર
તા.૦૯/૦૨/૨૦૨૨

વંચાણે લીધાઃ (૧) અત્રેનો તા.૨૬/૧૧/૨૦૨૦ નો સમાંનાકી ઠરાવ

(૨) અત્રેનો તા.૨૨/૧૨/૨૦૨૦ નો સમાંનાકી ઠરાવ

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૦૮/૦૭/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: GH/V/68 of 2021/AGN/102021/100/L.1

(૪) નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યનો તા.૧૬/૧૨/૨૦૨૧ નો પત્રક્રમાંક:ડીઆઈએસએચ/એ-કાયદા/૨૦૨૧/૧૭૫૯

આમુખ:-

અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ અને તે અન્વયે ઘડાયેલ ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ અને ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક વિનિયમો, ૨૦૧૬ અન્વયે કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓમાં ફાયર એન.ઓ.સી. મેળવવા બાબતે,વંચાણે લીધા ક્રમાંક (૧) થી કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ નોંધાયેલ રાજયના કારખાનેદારોએ નવા લાયસન્સ / લાઈસન્સ તાજુ કરવા અંગેની અરજી કરે ત્યારે અરજી સાથે, અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ અને તે અન્વયે ઘડાયેલ ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ અને ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક વિનિયમો, ૨૦૧૬ મુજબનુ ફાયર એન.ઓ.સી. રજુ કરવાનુ રહેશે તેવું ઠરાવવામાં આવેલ.

વિવિધ ઉધોગોના પ્રતિનિધિઓની રજુઆતો ધ્યાને લેતા વંચાણે લીધા ક્રમાંક (૨) થી કારખાનેદાર દ્વારા ફાયર એન.ઓ.સી, મેળવવા માટેની અરજી કરી હોવાના પુરાવા અથવા ફાયર એન.ઓ.સી. મેળવી લેવા માટેનું બાહેંધરી પત્ર રજુ કર્યેથી કારખાનાનાં નવા લાયસન્સ ઈસ્યુ / રીન્યુ કરી શકાશે તેમ ઠરાવવામાં આવેલ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૩) ના જાહેરનામાંથી ગુજરાત અગ્નિ નિવારણ અને સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ માં આવેલ ત્રીજા શિડ્યુલમાં સુધારો કરતુ જાહેરનામું બહાર પાડેલ છે.સદર જાહેરનામાંને ધ્યાને લેતા અત્રેના વંચાણે લીધા ક્રમાંક (૧) તથા (૨)

ના ઠરાવ અપ્રસ્તુત બનતા હોવાથી, સદરહુ ઠરાવો રદ કરવાની દરખાસ્ત નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૪) થી કરેલ હતી જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આથી , કાળજીપૂર્વક વિચારણાનાં અંતે, અત્રેના વંચાણે લીધા ક્રમાંક (૧) તથા (૨) પરના ઠરાવો રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

AJMavani

(અજિત માવાણી)
ઉપસચિવ
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના:-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન , ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીનાં અધિક મુખ્યસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગારનાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧ , સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીનાં સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં.૧/૫ , સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, શહેરી વિકાસ અને રોજગાર વિભાગનાં અંગત સચિવશ્રી, બ્લોક નં.૧૪/૯, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનાં અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક ૫/૬, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન: અમદાવાદ /વડોદરા /સુરત /રાજકોટ /ભાવનગર /જામનગર/ગાંધીનગર/જુનાગઢ
- કમિશ્નર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન, બ્લોક ૧/૪ કર્મયોગી ભવન , સેકટર ૧૦એ, ગાંધીનગર.
- ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ , બ્લોક ૧૧/૫, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- શ્રમ નિયામકશ્રી, ગુ.રા,ઉધ્યોગ ભવન, સેક્ટર ૧૧ , ગાંધીનગર.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક-૧/૩ , ગાંધીનગર.
- નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર,અમદાવાદ.
- આઈ.ટી.સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ , સચિવાલયને સદર ઠરાવ વિભાગબની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિંનતી સહ.
- શાખા સિલેક્ટ ફાઈલ -૨૦૨૨